SVS

## સબકા વિશ્વાસ
(વારસો વિવાદ નિવારણ)
## યોજના-૨૦૧૯
કેન્દ્રીય ઉત્પાદ શુલ્ક અને સેવાકર માટે

એક નવી શરૂઆત કરો!



વધુ જાણકારી માટે લોગ ઓન કરો.

@CBIC_India | cbicindia | www.cbic-gst.gov.in

सत्यमेव जयते

# અવારનવાર પૂછાતા પ્રશ્નો

# સબકા વિશ્વાસ
## (વારસો વિવાદ નિવારણ)
# યોજના, 2019.

કરદાતા સેવા મહાનિદેશક

કેન્દ્રીય અપ્રત્યક્ષ કર અને સીમા શુલ્ક બોર્ડ

# અવારનવાર પૂછાતા પ્રશ્નો
# સબકા વિશ્વાસ
# (વારસો વિવાદ નિવારણ)
# યોજના, 2019

**પ્રશ્ન1.** સબકા વિશ્વાસ (પૂરોગામી વિવાદ સમાધાન) યોજના, 2019 અંતર્ગત કોણ ઘોષણા દાખલ કરવા માટે કોણ પાત્ર બને છે?

**જવાબ** - નીચેની શ્રેણીઓમાં આવી જતા કોઈપણ વ્યક્તિ, યોજના હેઠળની અન્ય શરતોને આધિન, ઘોષણા દાખલ કરવા માટે પાત્ર બને છે:

(a) જેઓ ફરજ માટે કારણદર્શક નોટિસ (એસસીએન) અથવા આવી નોટિસ બાકી હોવાને કારણે બનતી એક અથવા વધુ અપીલ ધરાવતા હોય અને જ્યાં 30.06.2019 ના રોજ સુધી અંતિમ સુનાવણી થઈ નથી.

(b) જેમને દંડ માટે એસસીએન અને માત્ર લેટ-ફી જારી કરવામાં આવેલ છે અને જ્યાં જ્યાં 30.06.2019 ના રોજ સુધી અંતિમ સુનાવણી થઈ નથી.

(c) જેમની પાસે વસૂલાતપાત્ર ખર્ચ બાકી નીકળે છે.

(d) જેઓ તપાસ અને ઓડિટ હેઠળના કેસો ધરાવે છે જ્યાં સામેલ ડ્યૂટીનું પ્રમાણ નિર્ધારિત કરવામાં આવ્યું છે અને પક્ષને માહિતગાર કરી દેવામાં આવ્યા છે અથવા 30 જૂન, 2019 ના રોજ અથવા તે પહેલાં તેમના નિવેદનમાં સ્વીકારવામાં આવી છે.

(e) જેઓ સ્વૈચ્છિક જાહેરાત કરવા માંગે છે.

**પ્રશ્ન2.** આ યોજના અંતર્ગત ક્યા કાયદાઓનો સમાવેશ થાય છે?

**જવાબ** આ યોજના નીચેના કાયદાઓને લાગુ પડે છે, એટલે કે:-

(a) સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, 1944 અથવા સેન્ટ્રલ એક્સાઇઝ ટેરિફ એક્ટ, 1985 અથવા ફાઈનાન્સ એક્ટ, 1994 નું પ્રકરણ 5 અને તેની હેઠળ બનાવવામાં આવેલા નિયમો;

(b) નીચેના કાયદાઓ, એટલે કે:-

(i) ધ એગ્રીકલ્ચર પ્રોડ્યુસ સેસ એક્ટ, 1940;

(ii) ધ કોફી એક્ટ, 1942;

(iii) ધ માઇકા માઇન્સ લેબર વેલ્ફેર ફંડ એક્ટ, 1946;

(iv) ધ રબર એક્ટ, 1947;

(v) ધ સોલ્ટ સેસ એક્ટ, 1953;

(vi) ધ મેડિસીન એન્ડ ટોઈલેટ પ્રિપેરેશન્સ (એક્ઝાઈઝ ડ્યૂટીસ)



પાછળથી ખોટી હોવાનું જણાય છે, તો એવું ધારી લેવામાં આવશે કે ક્યારેય જાહેરાત કરવામાં આવી નથી અને લાગુ પડતા પરોક્ષ કર કાયદા હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

[**નોંધ:** ઉપર જણાવેલ 'કલમો' ફાઇનાન્સ (નં. 2) એક્ટ, 2019 ની છે.]





વધુ જાણકારી માટે લોગ ઓન કરો.

@CBIC_India

cbicindia

www.cbic-gst.gov.in

કોઈપણ અન્ય કાર્યવાહીમાં ફરીથી ખોલવામાં આવશે.

**પ્ર37.** શું હું આ યોજના હેઠળ ચૂકવવામાં આવેલી કોઈપણ રકમ માટે ઇનપુટ ટેક્સ ક્રેડિટ લઈ શકું છું.

**જવાબ** ના.

**પ્ર38.** શું હું ઇનપુટ ટેક્સ ક્રેડિટ એકાઉન્ટ દ્વારા પરોક્ષ કર કાયદા અથવા અન્ય કોઈ કાયદા હેઠળ આ યોજના હેઠળ કોઈપણ રકમ ચૂકવી શકું છું?

**જવાબ** ના.

**પ્ર39.** શું હું આ યોજના હેઠળ જમા કરાવેલ રકમનું રિફંડ લઈ શકું છું?

**જવાબ** ના.

**પ્ર40.** જે કિસ્સાઓમાં પ્રિ-ડિપોઝીટ અથવા પહેલેથી ચુકવેલી અન્ય ડિપોઝીટ નિયુક્ત સમિતિના નિવેદનમાં સૂચવ્યા મુજબ ચૂકવવાપાત્ર રકમ કરતાં વધુ હોય તેવા કિસ્સામાં, તફાવત પરત મળશે કે નહીં?

**જવાબ** ના, તેનું રિફંડ આપવામાં આવશે નહીં.

**Q41.** જાહેર કરાયેલ બાબત અને સમયગાળાને લગતી કાર્યવાહી સિવાય અન્ય કોઈપણ કાર્યવાહીમાં ઘોષણા કરનારને કોઈ ફાયદો, છૂટ અથવા રક્ષણ મળે છે?

**જવાબ** ના, કલમ 131 મુજબ, આ યોજનામાં સમાવિષ્ટ હોય તેવી કોઈપણ બાબત માટે, ઘોષણા કરનારને જાહેર કરાયેલ બાબત અને સમયગાળાને લગતી કાર્યવાહી સિવાય અન્ય કોઈપણ કાર્યવાહીમાં કોઈ ફાયદો, છૂટ અથવા રક્ષણ મળે છે તેવું અર્થઘટન ન કરવાનું રહેશે નહીં.

**Q42.** શું આ યોજના હેઠળનું ડિસ્ચાર્જ સર્ટિફિકેટ એ (i) સમાન બાબત અંગે પછીના સમયગાળા માટે અથવા (ii) સમાન સમયગાળા માટે એક અલગ બાબત માટે વધુ કોઈ એસસીએન જારી કરવા સામે માફી તરીકે કામ કરશે કે કેમ?

**જવાબ** ના, કલમ 129 (2) (બી) મુજબ, એક સમયગાળા માટેની બાબત માટે જારી કરવામાં આવેલ ડિસ્ચાર્જ સર્ટિફિકેટ (i) સમાન બાબત અંગે પછીના સમયગાળા માટે અથવા (ii) સમાન સમયગાળા માટે એક અલગ બાબત માટે એસસીએન જારી કરવા સામે પ્રતિબાધિત કરશે નહીં.

**Q43.** આ યોજના હેઠળ ખોટી સ્વૈચ્છિક જાહેરાત કરનાર જાહેર કરનાર વિરુદ્ધ શું કાર્યવાહી કરવામાં આવશે?

**જવાબ** કલમ 129 (c) મુજબ, સ્વૈચ્છિક જાહેરાતના આવા કિસ્સાઓમાં, , ડિસ્ચાર્જ સર્ટીફીકેટ ઇશ્યુ થયાના એક વર્ષના સમયગાળામાં, જ્યાં ઘોષણામાં રજૂ કરેલી કોઈપણ સામગ્રીની વિગતો



અધિનિયમ, 1955;

(vii) ધ એડીશનલ ડ્યૂટીઝ એન્ડ એક્સાઈઝ (ગુડ્સ ઓફ સ્પેશિયલ ઈમ્પોર્ટન્સ) એક્ટ, 1957;

(viii) ધ મિનરલ પ્રોડક્ટસ (એડિશનલ ડ્યૂટીઝ ઓફ એક્સાઈઝ અને કસ્ટમ્સ) એક્ટ, 1958;

(ix) ધ સુગર (સ્પેશિયલ એક્ઝાઈઝ ડ્યૂટી) એક્ટ, 1959;

(x) ધ ટેકસટાઇલ કમિટી એક્ટ, 1963;

(xi) ધ પ્રોડ્યુસ સેસ એક્ટ, 1966;

(xii) ધ લાઈમસ્ટોન એન્ડ ડોલોમાઈટ માઇન્સ લેબર વેલ્ફેર ફંડ એક્ટ, 1972;

(xiii) ધ કોલ માઇન્સ (કન્ઝર્વેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, 1974;

(xiv) ધ ઓઈલ ઇન્ડસ્ટ્રી (ડેવલપમેન્ટ) એક્ટ, 1974;

(xv) ધ ટોબેકો સેસ એક્ટ, 1975;

(xvi) ધ આયર્ન ઓર માઇન્સ, મેંગેનીઝ ઓર માઇન્સ એન્ડ ક્રોમ ઓર માઇન્સ લેબર વેલ્ફેર સેસ એક્ટ, 1976;

(xvii) ધ બીડી વર્કર્સ વેલફેર સેસ એક્ટ, 1976;

(xviii) ધ એડીશનલ ડ્યૂટીઝ ઓફ એક્સાઈઝ (ટેકસટાઇલ એન્ડ ટેકસટાઇલ આર્ટીકલ્સ) એક્ટ, 1978;

(xix) ધ સુગર સેસ એક્ટ, 1982;

(xx) ધ જ્યૂટ મેન્યુફેક્ચરર સેસ એક્ટ, 1983;

(xxi) ધ એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટસ એક્ટ, 1985;

(xxii) ધ સ્પાઈસિસ સેસ એક્ટ, 1986;

(xxiii) ધ ફાઇનાન્સ એક્ટ, 2004;

(xxiv) ધ ફાઇનાન્સ એક્ટ, 2007;

(xxv) ધ ફાઇનાન્સ એક્ટ, 2015;

(xxvi) ધ ફાઇનાન્સ એક્ટ, 2016;

(c) કેન્દ્ર સરકાર સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા સ્પષ્ટ કરી શકે તેવો અન્ય કોઈ કાયદો.

**પ્રશ્ન3.** જો પૂછપરછ અથવા તપાસ અથવા ઓડિટ શરૂ થઇ ગયું હોય પરંતુ કરની બાકી રહેલ રકમનું પ્રમાણ નિર્ધારિત કરવામાં આવી નથી તો શું તે વ્યક્તિ યોજના માટે પસંદ કરવા માટે લાયક છે કે નહીં?

**જવાબ** ના. જો ઓડિટ, પૂછપરછ અથવા તપાસ શરૂ થઇ ગઇ હોય અને ચૂકવવાપાત્ર ડ્યૂટીની રકમનું પ્રમાણ 30 જૂન, 2019 પહેલાં નિર્ધારિત કરવામાં ન આવ્યું હોય તો વ્યક્તિ યોજના પસંદ કરવા માટે પાત્ર બનશે નહીં.

**પ્રશ્ન4.** જો એસસીએન અનેક મુદ્દાઓને આવરી લેતી હોય તો શું



વધુ જાણકારી માટે લોગ ઓન કરો.
@CBIC_India
cbicindia
www.cbic-gst.gov.in

વ્યક્તિ આ યોજના હેઠળ એસસીએનમાં સમાવિષ્ટ માત્ર અમુક જ મુદ્દાઓ માટે અરજી કરી શકે છે?

**જવાબ** ના. વ્યક્તિએ એસસીએન મુજબ બાકી ટેક્સની સંપૂર્ણ રકમ માટે ઘોષણા દાખલ કરવાની રહેશે.

**પ્રશ્ન5.** લેટ ફી અને દંડ માટે માત્ર જ્યાં ઉક્ત નોટિસમાં ડ્યૂટીની રકમ ચૂકવી દેવામાં આવી છે અથવા શૂન્ય હોય ત્યારે એસસીએનના સંદર્ભમાં કલમ 124 (1) (બી) હેઠળ ટેક્સમાં રાહતનો અવકાશ કેટલો છે?

**જવાબ** લેટ ફી અથવા દંડની સંપૂર્ણ રકમ માટે ટેક્સમાં રાહત મળશે.

**પ્રશ્ન6.** મેં એપલેટ ફોરમ (કમિશનર (અપીલ્સ)/સીઇએસટીએટી) સમક્ષ અપીલ દાખલ કરી છે અને આવી અપીલ આખરે 30 જૂન, 2019 દિવસે અથવા તે પહેલાં સાંભળવામાં આવી છે. શું હું આ યોજના માટે પાત્ર છું?

**જવાબ** ના, આ યોજનાની કલમ 125 (1) (એ) ને ધ્યાનમાં લેતા તમે પાત્ર બનતા નથી.

**પ્રશ્ન7.** જ્યારે ડ્યૂટી/ટેક્સની જવાબદારી નિર્ધારિત કરતો ન્યાયિક નિર્ણયનો હુકમ આપવામાં આવ્યો હોય અને 30.06.2019 પહેલાં મેળવ્યો હોય પરંતુ અપીલ 01.07.2019 પર અથવા તેના પછી દાખલ કરવામાં આવી હોય ત્યારે આ યોજના હેઠળ શું અવકાશ છે?

**જવાબ** ના, આવી વ્યક્તિ આ યોજના હેઠળ ઘોષણા દાખલ કરવા માટે પાત્ર બનશે નહીં.

**પ્રશ્ન8.** પરોક્ષ કર કાયદાની જોગવાઇ હેઠળ મને શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યો છે. શું હું આ યોજના માટે પાત્ર છું?

**જવાબ** વ્યક્તિ જેને માટે ઘોષણા દાખલ કરવા માંગતા હોય તે બાબત અંગે પરોક્ષ કર કાયદાની કોઇપણ જોગવાઇ હેઠળ શિક્ષાપાત્ર કોઇપણ ગુના માટે દોષિત ઠર્યા હોય તો તેવા વ્યક્તિ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે પાત્ર રહેશે નહીં.

**પ્રશ્ન9.** પરોક્ષ કર કાયદા હેઠળ મને એસસીએન જારી કરવામાં આવેલ છે અને 30 જૂન, 2019 ના દિવસે અથવા તે પહેલાં અંતિમ સુનાવણી થઇ છે. શું હું આ યોજના માટે પાત્ર છું?

**જવાબ** ના, તમે આ યોજનાની કલમ 125 (1) (સી) મુજબ પાત્ર બનતા નથી.

**પ્રશ્ન10.** મને ભૂલભરેલા રિફંડ અથવા રિફંડ માટે પરોક્ષ કર કાયદા હેઠળ એસસીએન જારી કરવામાં આવેલ છે. શું હું આ યોજના માટે પાત્ર છું?

**જવાબ**. ના, તમે આ યોજનાની કલમ 125 (1) (ડી) મુજબ પાત્ર બનતા નથી.



**જવાબ** જ્યાં ઘોષણા કરનારે ટેક્સના લેણાંમાં વધારો કરતા કોઇ હુકમ અથવા નોટિસની વિરુદ્ધ સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટ સિવાય એપલેટ ફોરમ સમક્ષ અપીલ અથવા રેફરન્સ અથવા એસસીએનનો જવાબ દાખલ કર્યો હોય તો આવી અપીલ અથવા રેફરન્સ અથવા જવાબ પાછો ખેંચી લીધેલો માનવામાં આવશે.
કોઇપણ હાઇકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટ સમક્ષ રિટ પિટિશન અથવા અપીલ અથવા સંદર્ભના કિસ્સામાં, ઘોષણા કરનારે આવી રિટ પિટિશન, અપીલ અથવા સંદર્ભ પાછો ખેંચવા માટે હાઇકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટ સમક્ષ અરજી કરવાની રહેશે અને કોર્ટની રજાથી આવી રિટ પિટિશન, અપીલ અથવા સંદર્ભ પાછો ખેંચ્યા પછી, તેઓએ આવી બાબતો પાછી ખેંચી લીધાનો પુરાવો નિયુક્ત સમિતિ સમક્ષ રજૂ કરવાનો રહેશે.

**Q34.** બાકી રહેલ રકમની ચુકવણીના પુરાવા તરીકે ઘોષણા કરનારને કોઇ પ્રમાણપત્ર આપવામાં આવશે કે કેમ?

**જવાબ** હા, સ્ટેટમેન્ટમાં દર્શાવેલ રકમની ચુકવણી અને અપીલ પાછી ખેંચવાના પુરાવા રજૂ કરવાથી, જ્યાં લાગુ પડતું હોય ત્યાં ઉપરોક્ત ચુકવણી અને પુરાવા રજૂ કરવા, જે પણ પછી હોય તેના 30 દિવસની અંદર નિયુક્ત સમિતિ ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં ડિસ્ચાર્જ સર્ટિફિકેટ આપશે.

**Q35.** સ્ટેટમેન્ટમાં ગણતરીની ભૂલ સુધારી શકાય છે કે નહીં?

**જવાબ** હા, ઘોષણા કરનાર દ્વારા ચૂકવવાપાત્ર રકમ દર્શાવતા સ્ટેટમેન્ટ રજૂ કર્યાની તારીખથી 30 દિવસની અંદર, નિયુક્ત સમિતિ, રેકોર્ડ પર સ્પષ્ટ જ દેખાતી હોય તેવી માત્ર આંકડાકીય ભૂલ અથવા કારકુની ભૂલ, આવી ભૂલ જ્યારે ઘોષણા કરનાર દ્વારા બતાવવામાં આવે ત્યારે અથવા પોતાની જાતે ધ્યાનમાં આવતા, તેને સુધારવા માટે તેમના હુકમમાં સુધારો કરી શકે છે.

**Q36.** આ યોજના હેઠળ આપવામાં આવતા ડિસ્ચાર્જ સર્ટિફિકેટનાં શું ફાયદા હશે?

**જવાબ** આ યોજના હેઠળ ચૂકવવાપાત્ર રકમ સંદર્ભે કલમ 127 હેઠળ જારી કરાયેલ દરેક ડિસ્ચાર્જ સર્ટીફીકેટ તેમાં જણાવેલ બાબત અને સમયગાળા મુજબ નિર્ણાયક રહેશે, અને (a) ઘોષણામાં આવરી લેવામાં આવેલ બાબત અને સમયગાળાના સંદર્ભમાં જાહેર કરનાર વધુ કોઇ ડ્યૂટી, વ્યાજ અથવા દંડ ચૂકવવા માટે જવાબદાર રહેશે નહીં; (b) ઘોષણામાં આવરી લેવામાં આવેલ બાબત અને સમયગાળાના સંદર્ભમાં જાહેર કરનાર પરોક્ષ કર કાયદા હેઠળ કાર્યવાહી માટે પાત્ર બનશે નહીં; અને (c) આવી ઘોષણા દ્વારા આવરી લેવામાં કોઇ બાબત અને સમયગાળો પરોક્ષ કર કાયદા હેઠળ



વધુ જાણકારી માટે લોગ ઓન કરો.
@CBIC_India
cbicindia
www.cbic-gst.gov.in

માંગ 50 લાખથી ઓછી હોય તો તેમાંથી 70% અને જો તે 50 લાખથીથી વધુ હોય તો 50% ની રાહત. આ જ રાહત તપાસ અને ઓડિટ હેઠળ રહેલ કેસોમાં ઉપલબ્ધ છે જ્યાં સામેલ ડ્યૂટીની રકમ 30 જૂન, 2019 ના રોજ અથવા તે પહેલાં નિર્ધારિત કરવામાં આવેલ છે.

- પાછલી બાકી રકમની બાબતમાં, રાહતનુંનું પ્રમાણ પુષ્ટિ કરેલી ડ્યુટી રકમ 50 લાખ અથવા તેનાથી ઓછી હોય તો તેના 60% છે અને અન્ય કેસોમાં તે 40% છે.
- સ્વૈચ્છિક ઘોષણાના કિસ્સામાં, ઘોષણા કરનારે જાહેર કરેલી ડ્યૂટીની સંપૂર્ણ રકમ ચૂકવવાની રહેશે.

**પ્ર 29.** આ યોજના હેઠળ રાહતની ગણતરી કરતી વખતે એપલેટ કાર્યવાહીના કોઈપણ તબક્કે ચૂકવણી કરાયેલ ડિપોઝીટ અને પૂછપરછ, તપાસ અથવા ઓડિટ દરમિયાન ચૂકવણી કરાયેલ ડિપોઝીટને ધ્યાનમાં લેવામાં આવશે?

**જવાબ** પરોક્ષ કર કાયદા હેઠળ અપીલ કાર્યવાહીના કોઇપણ તબક્કે પ્રિ- ડિપોઝીટ તરીકે અથવા પૂછપરછ, તપાસ અથવા ઓડિટ દરમિયાન કોઈપણ ડિપોઝિટ તરીકે ચૂકવવામાં આવેલી કોઇપણ રકમને ઘોષણા કરનાર દ્વારા ચૂકવવાપાત્ર રકમ દર્શાવતું સ્ટેટમેન્ટ જારી કરતી વખતે કાપવામાં આવશે.

**પ્રશ્ન30.** આ યોજના હેઠળ ઘોષણા કરનાર દ્વારા કરવામાં આવેલી ઘોષણાની ચકાસણી કેવી રીતે થશે?

**જવાબ** કલમ 125 હેઠળ કરવામાં આવેલી ઘોષણાને, , સિવાય કે તે ડ્યૂટીની રકમના સ્વૈચ્છિક જાહેરાતના કેસ સાથે સંબંધિત હોય, ઘોષણા કરનાર દ્વારા પૂરી પાડવામાં આવેલી વિગતો તેમજ ડિપાર્ટમેન્ટ પાસે ઉપલબ્ધ રેકોર્ડ્સને આધારે નિયુક્ત સમિતિ દ્વારા ચકાસણી કરવામાં આવશે.

**પ્રશ્ન31.** ઘોષણા કરનારને સાંભળવાની તક આપવામાં આવશે કે નહીં?

**જવાબ** હા, કલમ 127 (3) મુજબ, પેટા કલમ (2) હેઠળના અંદાજ જારી કર્યા પછી, મતભેદના કિસ્સામાં નિયુક્ત સમિતિ ઘોષણા કરનારને, જો તેઓ ઇચ્છે તો, સાંભળવાની તક આપશે.

**Q32.** પ્રક્રિયા કઇ રહેશે અને ઘોષણા કરનાર દ્વારા ચુકવણી કરવાનો સમયગાળો કેટલો હશે?

**જવાબ** ઘોષણા કરનાર નિયુક્ત સમિતિ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનની 30 દિવસની અવધિમાં, તેમાં દર્શાવેલ ચૂકવવાપાત્ર રકમની ઇલેક્ટ્રોનિક માધ્યમથી ચૂકવણી કરશે.

**Q33.** આ યોજના હેઠળ વ્યક્તિએ ઘોષણા દાખલ કરી હોય ત્યાં અપીલ પાછી ખેંચવા માટે કઇ કાર્યવાહી અનુસરવામાં આવશે?



**પ્રશ્ન11.** મને પરોક્ષ કર કાયદા હેઠળ પૂછપરછ અથવા તપાસ અથવા ઓડિટને આધીન કરવામાં આવેલ છે અને ઉપરોક્ત પૂછપરછ અથવા તપાસ અથવા ઓડિટમાં સામેલ ડ્યૂટીની રકમનું પ્રમાણ 30 જૂન, 2019 પર અથવા તે પહેલા નિર્ધારિત કરવામાં આવ્યું નથી. શું હું આ યોજના માટે પાત્ર છું?

**જવાબ** ના, તમે આ યોજનાની કલમ 125 (1) (ઇ) મુજબ પાત્ર નથી.

**પ્રશ્ન12.** મને પરોક્ષ કર કાયદા હેઠળ પૂછપરછ અથવા તપાસ અથવા ઓડિટને આધીન કરવામાં આવેલ છે અને હું તે અંગે સ્વૈચ્છિક ઘોષણા કરવા માંગું છું. શું હું આ યોજના માટે પાત્ર છું?

**જવાબ** ના, તમે આ યોજનાની કલમ 125 (1) (એફ) (આઈ) મુજબ પાત્ર નથી.

**પ્રશ્ન13.** પરોક્ષ કર કાયદા હેઠળ રિટર્ન ફાઇલ કર્યા પછી હું સ્વૈચ્છિક ઘોષણા કરવા માંગું છું, જેમાં મેં ચુકવણીપાત્ર હોય તેવી ડ્યૂટીની રકમ સૂચવી છે પરંતુ તેની ચુકવણી કરી નથી. શું હું આ યોજના માટે પાત્ર છું?

**જવાબ** આવા કિસ્સામાં તમે સ્વૈચ્છિક જાહેરાત કરી શકતા નથી. જો કે, તમે હજુ પણ કલમ 125 (1) (f) (ii) હેઠળ ઘોષણા દાખલ કરી શકો છો.

**પ્રશ્ન14.** મેં કેસના સમાધાન માટે સેટલમેન્ટ કમિશનમાં અરજી દાખલ કરી છે. શું હું આ યોજના માટે પાત્ર છું?

**જવાબ** ના, તમે સેટલમેન્ટ કમિશનમાં અરજી કરી હોય તેવા કિસ્સામાં તમે ઘોષણા દાખલ કરવા માટે પાત્ર નથી બનતા.

**પ્રશ્ન15.** હું એવા માલસામાનનું કામકાજ કરું છું જે હાલમાં સેન્ટ્રલ એક્સાઇઝ હેઠળ છે અને સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, 1944 ની ચોથી સૂચિમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હું તે એક્સાઈઝ હેઠળ આવતા માલસામાનના સંદર્ભમાં ઘોષણા કરવા માંગુ છું. શું હું આ યોજના માટે પાત્ર છું?

**જવાબ** ના, તમે આ યોજના હેઠળ લાભ મેળવવા માટે પાત્ર નથી.

**પ્રશ્ન16.** હું ઉપરોક્ત યોજના માટે કેવી રીતે અરજી કરી શકું?

**જવાબ** આ યોજના હેઠળ પાત્ર હોય તેવા તમામ વ્યક્તિઓએ પોર્ટલ પર ઇલેક્ટ્રોનિક ઘોષણા ફાઇલ કરવાની રહેશે https://cbic-gst.gov.in

**પ્રશ્ન17.** મને ઇલેક્ટ્રોનિક રીતે ઘોષણા ફાઇલ કરવા માટેની સ્વીકૃતિ રસીદ મળશે?

**જવાબ** હા, ઘોષણાની પ્રાપ્તિ પર, સિસ્ટમ દ્વારા એક યુનિક સંદર્ભ નંબર ધરાવતી આપોઆપ સ્વીકૃતિ રસીદ બનશે. આ યુનિક નંબર ભવિષ્યના તમામ સંદર્ભો માટે ઉપયોગી થશે. ઘોષણા આપમેળે નિયુક્ત કરવામાં આવેલ સમિતિ પાસે જશે જે તમારા કેસનો અંતિમ



**વધુ જાણકારી માટે લોગ ઓન કરો.**

@CBIC_India

cbicindia

www.cbic-gst.gov.in

નિર્ણય કરશે.

**પ્રશ્ન18.** મારી ઘોષણા અંગે નિયુક્ત કરવામાં આવેલી સમિતિ દ્વારા લેવામાં આવેલા અંતિમ નિર્ણય વિશે મને કેવી રીતે જાણ થશે?

**જવાબ** આ મામલામાં લેવામાં આવેલા અંતિમ નિર્ણય વિશે તમને ઘોષણા દાખલ કર્યાના સાઈઠ દિવસની અંદર ઈલેક્ટ્રોનિક રીતે જાણ કરવામાં આવશે.

**પ્રશ્ન19.** 'ટેક્સના બાકી લેણાં' અને 'કર રાહત' વચ્ચે શું તફાવત છે?

**જવાબ** 'ટેક્સના બાકી લેણાં' એ કુલ બાકી રહેલ ચુકવણીની માંગણી છે. 'કર રાહત' એ યોજના દ્વારા કુલ બાકી ડ્યૂટીના બાકી લેણાંની માંગથી મળેલી છુટ છે.

**Q20.** રૂ. 1000 રૂપિયાની ડ્યુટીની રકમ માટે મને એસસીએન જારી કરવામાં આવેલ છે અને દંડની રકમ રૂ. 100 છે. ઓર્ડર ઇન ઓરિજિનલ (OIO) માં પુષ્ટિ કરાયેલ ડ્યુટી રૂ. 1000 ની છે અને રૂ. 100 ની રકમ દંડ તરીકે લાદવામાં આવી છે. મેં એપલેટ ઓથોરિટી સમક્ષ આ હુકમની સામે અપીલ દાખલ કરી છે. મારા માટે બાકી ટેક્સ લેણાં કેટલા હશે?

**જવાબ** જેને માટે વિવાદ છે તેવી ડ્યૂટીની રકમ રૂ. 1000 છે અને તેથી બાકી ટેક્સ લેણાં રૂ. 1000 છે.

**પ્રશ્ન21.** રૂ. 1000 રૂપિયાની ડ્યુટીની રકમ માટે મને એસસીએન જારી કરવામાં આવેલ છે અને દંડની રકમ રૂ. 100 છે. OIO માં પુષ્ટિ કરવામાં આવેલ ડ્યૂટી રૂ. 900 છે અને લાદવામાં આવેલ દંડ રૂ. 90 છે. મેં આ હુકમ સામે અપીલ દાખલ કરી છે. આ મામલામાં વિભાગે કોઇ અપીલ દાખલ કરી નથી. બાકી ટેક્સ લેણાં કેટલા હશે?

**જવાબ** જેને માટે વિવાદ છે તેવી ડ્યૂટીની રકમ રૂ. 900 છે અને તેથી બાકી ટેક્સ લેણાં રૂ. 900 છે.

**પ્રશ્ન22.** રૂ. 1000 રૂપિયાની ડ્યુટીની રકમ માટે એસસીએન જારી કરવામાં આવેલ છે અને દંડની રકમ રૂ. 100 છે. OIO માં પુષ્ટિ કરવામાં આવેલ ડ્યૂટી રૂ. 900 છે અને લાદવામાં આવેલ દંડ રૂ. 90 છે. મેં એપલેટ ઓથોરિટી સમક્ષ આ હુકમની સામે અપીલ દાખલ કરી છે. વધુમાં, વિભાગે પણ રૂ. 100 ની ડ્યુટીની રકમ અને રૂ. 10 દંડ માટે એપલેટ ઓથોરિટી સમક્ષ અપીલ દાખલ કરી છે. બાકી ટેક્સ લેણાં કેટલા હશે?

**જવાબ** જેને માટે વિવાદ છે તેવી ડ્યૂટીની રકમ રૂ. 900 વત્તા રૂ. 100 છે એટલે કે રૂ. 1000 છે અને તેથી બાકી ટેક્સ લેણાં રૂ. 1000 છે.

**પ્રશ્ન23.** રૂ. 1000 રૂપિયાની ડ્યુટીની રકમ માટે એસસીએન જારી કરવામાં આવેલ છે. એડજ્યુડિકેટિંગ ઓથોરિટી રૂ. 1000 ની ડ્યુટીની પુષ્ટિ કરી છે. મેં આ હુકમ સામે અપીલ દાખલ કરી છે. પ્રથમ એપલેટ ઓથોરિટી કમિશનર અપીલ્સ/સીઇએસટીએટી એ ડ્યુટીની રકમ ઘટાડીને રૂ. 900 કરી છે. મેં સીઇએસએટીએટી/હાઈકોર્ટ સમક્ષ બીજી અપીલ કરી છે. વિભાગે કોઇ અપીલ દાખલ કરી નથી. મારા માટે બાકી ટેક્સ લેણાં કેટલા હશે?

**જવાબ** જેને માટે વિવાદ છે તેવી ડ્યુટીની રકમ રૂ. 900 છે અને તેથી બાકી ટેક્સ લેણાં રૂ. 900 છે.

**પ્રશ્ન24.** 30 મી જૂન, 2019 ના રોજ અથવા તે પહેલાં મને કોઇ પણ પરોક્ષ કર કાયદા હેઠળ એસસીએન આપવામાં આવેલ છે, ટેક્સની બાકી રકમ કેટલી હશે?

**જવાબ** કલમ 123 (બી) મુજબ, ટેક્સની બાકી રકમ એસસીએનમાં ચુકવવાપાત્ર હોવાનું જણાવેલ ડ્યુટી/ટેક્સ/સેસની રકમ જેટલી હશે.

**પ્રશ્ન25.** મને એક એસસીએન આપવામાં આવેલ છે, જેમાં મારા સિવાયના અન્ય વ્યક્તિઓ સંયુક્ત રીતે અને વ્યક્તિગત રીતે રકમ માટે જવાબદાર છે, તો ટેક્સની બાકી રકમ કેટલી હશે?

**જવાબ** કલમ 123 (બી) મુજબ, એસસીએનમાં સંયુક્ત અને વ્યક્તિગત રીતે સૂચવવામાં આવેલી ચૂકવવાપાત્ર રકમને તમારા દ્વારા ચૂકવવાપાત્ર બાકી ટેક્સ લેણાં તરીકે લેવાના રહેશે.

**પ્રશ્ન26.** ખાસ કરીને જ્યારે ટેક્સની રકમ ચૂકવવામાં આવે ત્યારે મુખ્ય નોટિસ અને સહ- નોટિસના સંદર્ભમાં આ યોજના હેઠળ એસસીએન શું આવરી લે છે?

**જવાબ** જો કરદાતાને કોઇ ડ્યુટીની માંગણી કરતી એસસીએન આપવામાં આવી હોય અને તેમની વિરુદ્ધ દંડનીય કાર્યવાહી તેમજ તેમાં ઉલ્લેખિત સાથે નોટિસ મેળવનારાઓ (કો-નોટિસી) વિરુદ્ધ અલગથી દંડનીય કાર્યવાહી પણ પ્રસ્તાવિત કરતી હોય, તો જો મુખ્ય નોટિસ મેળવનાર ટેક્સ લેણાં ચુકવી દે તો, સાથે નોટિસ મેળવનારાઓ (કો-નોટિસી) દંડની માફી માટે યોજના પસંદ કરી શકે છે.

**પ્રશ્ન27.** આ યોજના હેઠળ નિયતકાલિક એસસીએનના કવરેજનો અવકાશ કેટલો છે?

**જવાબ** કોઈપણ એસસીએન, મુખ્ય હોય કે નિયતકાલિક, જારી કરવામાં આવેલ છે અને જ્યાં 30.06.2019 ના રોજ અથવા તે પહેલાં અંતિમ સુનાવણી ન થઈ હોય તે યોજના હેઠળ પાત્ર છે.

**પ્રશ્ન28.** આ યોજના હેઠળ ક્યા ફાયદા રહેલા છે?

**જવાબ** આ યોજના હેઠળ ઉપલબ્ધ વિવિધ લાભો નીચે મુજબ છે:

- તમામ કેસોમાં વ્યાજ, શિક્ષા અને દંડની સંપૂર્ણ માફી
- કાર્યવાહીમાંથી મુક્તિ
- નિર્ણય અથવા અપીલમાં પેન્ડિંગ કેસોમાં, જો ડ્યૂટીની